# ઈટાદરાની શાળામાં સામાજિક આગેવાનની કાર પર પથ્થરમારો

## શિક્ષકે કિશોરી સાથે કરેલા કથીત ગેરવર્તનને પગલે શાળા કમીટીની બેઠક હતી : બે કમિટી મેમ્બરની ઈન્ડીકા ગાડી પર ઈંટો-પથ્થરો મારી તોડફોડ મચાવી : ગ્રામજનોના બે જુથોના ટોળા ભેગા થયા : પોલીસે મામલો થાળે પાડયો







ગાંધીનગર, તા.૨૪

માણસા નજીક આવેલા ઈટાદરા ગામની શાળામાં ગઈ કાલે એક મુસ્લિમ વિદ્યાર્થીની સાથે શિક્ષક દ્વારા કથિત ગેરવર્તન કરવામાં આવ્યું હોવાની ઘટના બાદ ગામમાં અરાજકતા ફેલાઈ છે. આજે શાળાના કમિટી મેમ્બર્સની મીટીંગ હતી તેમાં બે કમિટી મેમ્બર મુસ્લિમ હતા. શાળા એ ઈન્ડીકા ગાઈ લઈને બંને મેમ્બર આવ્યા ત્યારે તેમની ગાડી પર ઈંટો અને પથ્થરો વડે ટોળાએ જીવલેણ હુમલો કર્યો હતો. બંને જુથોના ટોળા ભેગા થવા લાગ્યાના મેસેજ મળતા ગાંધીનગર એલસીબી, એસઓજી સહિત સ્થાનિક પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને મોટી જુથ અથડામણ થતા રોકી દેવાઈ મામલો માંડ શાંત પાડયો હતો.

ઈટાદરા ગામની શાળામાં ધોરણ-૧૧માં એડમીશન લેનાર મુસ્લિમ વિદ્યાર્થીની સાથે એક શિક્ષક દ્વારા બેફામ શબ્દોમાં વાચીત કરવામાં આવતા વિદ્યાર્થીની એ ઘરે પરિવારજનોને શિક્ષકના ગેરવર્તન વિશે જણાવી દીધું હતું. કેટલાક શખ્સોએ શિક્ષકને માર માર્યો હતો અને અન્ય શિક્ષકો પર પણ ટપલીદાવ કર્યો હોવાની ઘટના ગઈ કાલે બની હોવાનું ધ્યાને આવ્યું હતું. ગઈ કાલે સમાધાન થઈ ગયું હતું. આજે કમિટી મેમ્બર્સની મીટીંગ બોલાવાઈ હતી. કમિટી મેમ્બર્સમાં બે મુસ્લિમ અગ્રણીઓ પણ છે. ઈન્ડીકા ગાઈ લઈને સમરતમીયા ઉમરમીયા અને જામુમીયા ગુલાબમીયા આવ્યા અને સ્કુલમાં પ્રવેશ્યા ત્યારે ટોળાએ ઈંટો અને પથ્થરો ગાડી પર ફેંકી પથ્થરમારો કરીને તોડફોડ કરી મુકી હતી. પરિસ્થિતિ પામી ગયેલા બંને મુસ્લિમ આગેવાનો ત્યાંથી નીકળી ગયા હતા. ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવ સહિત એસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસની ટીમ ઉપરાંત કલોલ ડીવીઝન ડીવાયએસપી તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ટોળા બેકાબુ બને તે પહેલા શાંત પાડી મામલો થાળે પાડી દેવાયો હતો.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




કટીંગનો ભાવ તો વધારે જ હોય ને... ! સાદા રેસ્ટોરન્ટ કરતા ગાર્ડન રેસ્ટોરન્ટના ભાવ તમે વધુ આપો જ છો ને ??

# પર્યાવરણ પ્રેમી ધરતીપુત્રને બોરવેલ માટે વિજ કનેક્શન આપવામાં વિજ કંપનીના ઠાગાઠૈયા

ગાંધીનગર, તા. ૨૪

વિશ્વભરમાં પર્યાવરણની સમસ્યા ગંભીર બની રહી છે. પર્યાવરણના રક્ષણ અને જાળવણી માટે દુનિયાભરના દેશો પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર નજીકના વિજાપુર તાલુકાના ખરોડ ગામે ધરતીપુત્રે પર્યાવરણની જાળવણી માટે પોતાના ખેતરમાં જુદા જુદા પાંચ હજાર જેટલા વૃક્ષોનું એક સાથે એકલા હાથે વાવેતર કર્યું છે. અને પર્યાવરણની જાળવણી માટે યોગદાન આપી રહ્યા છે. ત્યારે સ્થાનિક વહીવટીતંત્ર આ ધરતીપુત્રની પહેલને વધાવાને બદલે ટ્યુબવેલ માટેનું વીજ કનેક્શન આપવામાં આળશ કરે છે. જેથી ધરતીપુત્રએ નારાજગી વ્યક્ત કરી છે. કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વૉર્મિંગની સમસ્યાને લઈ દુનિયાભરના દેશો ચિંતિત બન્યા છે. મોટા ભાગના દેશો ઈકોફ્રેન્ડલી ચીજ વસ્તુઓનો ઉપયોગ વધ્યો છે અને પર્યાવરણને લઈ અનેક વૃક્ષારોપણ, પાણી બચાવો વગેરે જેવા કાર્યક્રમો કરી પર્યાવરણની જાળવણીમાં પોત પોતાનું યોગદાન આપી રહ્યા છે.



ગાંધીનગર નજીકના વિજાપુર તાલુકાના ખરોડ ગામે ખેડૂતપુત્ર રમેશભાઈ દેવજીભાઈ ચૌધરી ૩૯૦૭૦ ચોરસમીટર ક્ષેત્રફળમાં ખેતીની જમીન ધરાવે છે અને પર્યાવરણની જાળવણી અને જતન માટે પોતાના ખેતરમાં ૪૦૦૦ નંગ લીમડા તથા ૧૦૦૦ નંગ નીલગીરી, બોરસલી, સરગવા અને આંબાના રોપાનું એકલા હાથે વાવેતર કર્યું છે. આમ આ વૃક્ષોના જતન માટે દરરોજ હજારો લીટર પાણી ટેન્કર દ્વારા પીવડાવે છે. દરરોજની પાણીની સમસ્યાને નિવારવા માટે આ જમીનમાં ટ્યુબવેલની જરૂરીયાત ઉભી થતા ઉત્તર ગુજરાતવીજ કંપની


● અનુસંધાન પાના - ૭ પર


# પાર્ટીથી દુઃખી, નવી બનાવો : 'ઈટ્સ હેપન્સ ઓન્લી ઈન ઈન્ડિયા' : ૧૭૦૩ પાર્ટીઓ મોજૂદ

ભારતમાં એટલી બધી રાજકીય પાર્ટીઓ અસ્તિત્વ ધરાવે છે કે જેના કારણે દેશના મતદારો મૂંઝવણ અનુભવી રહ્યો છે. દેશમાં સૌથી જૂની પાર્ટી કોંગ્રેસ છે અને તેની સ્થાપના ૧૮૮૫માં થઈ હતી. એ પછી ૧૯૨૫માં સીપીઆઈ અને ૧૯૬૪માં સીપીઆઈ-એમનો જન્મ થયો હતો. ભાજપનો જન્મ ૧૯૮૦માં થયો હતો. એ પછી ૧૯૮૪માં બીએસપી અને ૧૯૯૯માં એનસીપીનો ઉદય થયો હતો. આ છ

### હવે 'આપ' ના 'બાપ' નો ઉદય થવાનો છે, યોગેન્દ્ર અને પ્રશાંત મેદાને

પાર્ટીઓને નેશનલ પાર્ટી તરીકેનું બિરૂદ મળેલું છે. ભારતમાં હાલની સ્થિતિએ ૫૪ પાર્ટીઓ એવી છે કે જે દેશભરમાં ફેલાયેલી છે અને તેનું રેકગ્નાઈઝેશન સ્ટેટ પાર્ટી તરીકે થયેલું છે. બીજી તરફ એનરેકગ્નાઈઝ્ડ રજીસ્ટર્ડ પરંતુ નોટેબલ કહી શકાય તેવી પાર્ટીઓની સંખ્યા ૧૬૪૩ થવા જાય છે. આમ ભારતભરમાં કુલ ૧૭૦૩ પાર્ટીઓ ફેલાયેલી છે. પાર્ટીનો ગ્રોથરેટ ૧૭.૨૯ ટકા થવા જાય છે. આ છે આપણા હિન્દુસ્તાનના વિચારભેદ નેતાઓના ઉભા થયેલા વિચારની પાર્ટીઓની સંખ્યા કે જેના કારણે દેશમાં જ્ઞાતિવાદ અને વોટબેન્કની રાજનિતીએ જોર પકડ્યું છે.

● **લ્યો હવે સ્વરાજ્ય અભિયાન શરૂ થશે...**

દેશના રાજકારણમાં અન્ના હજારેના સહારે આમ આદમી પાર્ટીનું સર્જન કરનારા અરવિંદ કેજરીવાલના એક સમયના વિશ્વાસુ એવા બે સાથીદારોએ આમ આદમી પાર્ટી છોડી દીધી હતી. આ બે સાથીદારો એટલે યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણ. આ બન્ને આપ નેતાઓએ બાપ બનીને નવી પાર્ટી સ્વરાજ અભિયાનની શરૂઆત કરવાનું નક્કી કર્યું છે. આ બન્ને નેતાઓ ૩૧મી જુલાઈએ તેમની નવી પાર્ટી લોંચ કરશે. વિચારો અને વર્તણૂકમાં ફેરફાર થતાં કોઈપણ નેતા પાર્ટી શરૂ કરે છે. ભારતમાં એટલી બધી પાર્ટીઓ છે કે ક્યારે કોને મત આપવો તે મતદારો નક્કી કરી શકતા નથી. આપણે ત્યાં માત્ર બે જ પાર્ટીઓ હોવી જોઈએ. ભારતને આવી ક્રાન્તિની જરૂર છે. કોઈ તો એવો ભડવીર નિકળે કે જે બધી પાર્ટીઓને મર્જર કરવાની જાહેર અપીલ કરે, જો તેમ થાય તો ભારતનો સર્વત્ર જયજયકાર થશે.

● **દલિત કાર્ડનો ઉપયોગ કોને ન ગમે...**

ભારતના રાજ્યોમાં ચૂંટણી હોય કે ગુજરાતમાં ચૂંટણી હોય, દલિત કાર્ડનો ઉપયોગ કોને ન ગમે તે સવાલ છે, કારણ કે દલિત વસતી આખા દેશમાં સમાયેલી છે. ગાંધીજીને દલિત પ્રિય હતા એમ આપણા નેતાઓને પણ પ્રિય છે. દલિત પર અત્યાચાર થાય એટલે તમામ પાર્ટીઓ અને નેતાઓ સંવેદનશીલ બની જાય છે. ગુજરાતમાં વિધાનસભાની ૧૮૨ બેઠકો છે અને આ તમામ બેઠકોમાં સરેરાશ દલિતની વસતી સરેરાશ ૨૫ હજારની આસપાસ છે. એટલે કે તમામ પાર્ટીઓ માટે દલિતો વોટબેન્ક છે અને વર્ષોથી તેમનો ઉપયોગ કરતા આવ્યા છે. ગુજરાતના ઉનામાં થયેલા દલિત અત્યાચારના વિરોધમાં ભારતભરની મોટાભાગની પાર્ટીઓના નેતાઓ ગુજરાત ઉમટી પડ્યા હતા. આ સ્થિતિને દલિત પ્રેમ ગણવો કે વોટબેન્કને રાજનિતી તે લોકોએ જ નક્કી કરવાનું રહે છે.

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

● **ગુજરાતમાં પાટીદારો નવાજૂની કરી શકે છે...**

ગુજરાતમાં યુવા પાટીદારો નવાજૂની કરી શકે છે, કારણ કે જેલમુક્ત હાર્દિકના તેવર બદલાયા નથી પરંતુ વધારે તેજ થયા છે. હવે તો તે મોદી પર સીધા નિશાન તાકે છે. હાર્દિકને પહેલેથી જ ગુજરાતની સરકાર પસંદ નથી. મોદી માટે પહેલાં પ્રેમ હતો પરંતુ તે પણ હવે તો નફરતમાં પલટાઈ ગયો છે. તેની સાથેના યુવા નેતાઓ હાર્દિક કહે તેમ જ કરે છે તેથી જો હાર્દિક એમ કહે કે આપણે આમ

### દલિત અત્યાચારનો ઘૃણાસ્પદ વિડીયો ઉત્તરપ્રદેશમાં 'માયા' ફેલાવે છે

આદમી પાર્ટીને સપોર્ટ કરવાનો છે તો આ યુવા નેતાઓ કેજરીવાલની પાર્ટીનો પ્રચાર કરી શકે છે. હાર્દિકને મનાવવાના પ્રયાસો નિષ્ફળ ગયા છે તેવું ભાજપના ટોચના એક નેતાએ સ્વિકાર્યું હતું અને એવી દહેશત વ્યક્ત કરી હતી કે અમારા ટોચના નેતાઓ ભલે ઈન્કાર કરે પરંતુ હાર્દિક પટેલનું જૂથ ચૂંટણીમાં ભાજપને સૌથી મોટુ નુકશાન કરી શકે છે.

● **મહિલા પોલીસ સ્ટેથન ડરામણાં છે...**

ગુજરાતમાં મહિલાઓ માટે ફરિયાદ કરવા ઉભા કરવામાં આવેલા આપણાં મહિલા પોલીસ સ્ટેશન ડરામણાં સાબિત થઈ રહ્યાં છે. અમદાવાદ જેવા મેટ્રોસિટીમાં હવે તો મહિલાઓ ફરિયાદ દાખલ કરવા મહિલા પોલીસ સ્ટેશનમાં જતી નથી પરંતુ જ્યાં પુરૂષ પોલીસ કર્મચારી હોય ત્યાં જાય છે. કારણ સ્પષ્ટ છે. કહેવાયું છે કે મહિલા જ મહિલાની દુશ્મન હોય છે... વિચિત્ર સવાલોથી મહિલાઓ ત્રાસી જાય છે. શરમ અનુભવે છે અને પછી ફરિયાદ નોંધવાની જગ્યાએ ઘરે જતી રહે છે. તત્કાલિન મુખ્યપ્રધાન ચીમનભાઈ પટેલે ૧૯૯૨માં અમદાવાદના કારંજમાં મહિલા પોલીસ સ્ટેશન ઉભું કર્યું હતું. ત્યારબાદ વખતો વખત મહિલા પોલીસ સ્ટેશન બનતા ગયા અને મહિલાઓને ફરિયાદ દાખલ કરવાનું કહેવામાં આવ્યું. આજે સ્થિતિ એવી છે કે મહિલા પોલીસ સ્ટેશન ખાલી પડ્યાં છે અને મહિલાઓ જનરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા જાય છે. આપણી સરકારની કર્મયોગી મહિલા પોલીસ આવી નિષ્ઠુર કેમ છે તેની તપાસ ગુજરાતના ડીજીપી કરે તો સત્ય સામે આવી શકે.

● **દલિતનો વિડીયો યુપીમાં હોટ ફેવરીટ...**

ઉત્તર પ્રદેશમાં માયાવતી દલિતોના મુદ્દાને ઉજાગર કરી તેના રાજ્યમાં દલિતોના મસિહા બની રહ્યાં છે. માયાવતીએ ગુજરાતનો એ વિડીયો કે જેમાં દલિતો પર અત્યાચાર થાય છે તેને ચૂંટણીમાં પ્રત્યેક મહોલ્લા, ગલી, ગામડાં અને શહેરમાં બતાવવા માગે છે. દલિત અત્યાચારનો વિડીયો હાલ ઉત્તર પ્રદેશમાં હોટ ફેવરીટ બની રહ્યો છે. અધુરામાં પુરૂં ભાજપના યુપીના ઉપાધ્યક્ષે માયાવતી સામે અપશબ્દો બોલતાં ભાજપ બચાવ પક્ષમાં આવી ચૂક્યું છે. ગુજરાતની ચિનગારી યુપીમાં આગની જેમ ફેલાઈ છે. ઉત્તર પ્રદેશ કાસ્ટીઝમ માટે મશહૂર છે. આખા દેશમાં ઉત્તર પ્રદેશ એવું રાજ્ય છે કે જેણે દેશને સૌથી વધારે વડાપ્રધાન આપ્યા છે. આ રાજ્યમાં ૨૦૧૭ની ચૂંટણીમાં ટોચપર માયાવતીની બહુજન સમાજ પાર્ટી છે. બીજાક્રમે મુલાયમસિંહની સમાજવાદી પાર્ટી આવે છે. ત્રીજાસ્થાને ભાજપ અને ચોથા સ્થાને કોંગ્રેસ આવે છે. ચતુષ્કોણિય જંગ ૨૦૧૭ની ચૂંટણીમાં ખેલાશે અને તેના પડઘા ડિસેમ્બર ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પડે તેવી પણ સંભાવના વ્યક્ત થઈ રહી છે.

● **સૌનો સાથ સૌનો વિકાસ માત્ર કાગળ પર...**

ગુજરાતમાં આનંદીબહેન પટેલની સરકારમાં પહેલાં પાટીદારો પછી અધર બેકવર્ડ ક્લાસ-ઓબીસી- અને હવે દલિતોએ શાસનમાં આગ ચાંપી છે. મોદીના રાજ્યમાં 'સૌનો સાથ સૌનો વિકાસ' સૂત્રના ભૂક્કા બોલી ગયા છે અને તેનાથી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ચિંતીત બન્યા છે. ગુજરાતમાં આનંદીબહેન પટેલના નેતૃત્વમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે તેવું છાતી ઠોકીને કોઈ કહી શકતું નથી. મોદી

### યુવા પાટીદારો તેલ નહીં તેલની ધાર જુએ છે, તેમનું મેદાન ખુલ્લુ છે

કરતાં વધારે ચિંતા પાટીદાર, ઓબીસી અને દલિત ધારાસભ્યોને થઈ છે, કારણ કે ચૂંટણી નજીક આવતી જાય છે ત્યારે સમગ્ર સમાજની નારાજગીનો ભોગ બની શકે તેવી દહેશત તેમને સતાવી રહી છે. ઉનામાં પાંચ દલિતોને જાહેરમાં માર મારવાની ઘટનામાં ગુજરાત સરકાર તો બદનામ થઈ છે પરંતુ દિલ્હીનું શાસન હચમચી ગયું છે. દિલ્હીમાં આવેલા ૧૦ રિક્ટર સ્કેલના રાજકીય ભૂકંપનું કેન્દ્રબિંદુ ગુજરાત બન્યું છે. મોદી માટે તો એવા ઘાટ થયા છે કે ગુજરાતે જ દિલ્હીનું શાસન અપાવ્યું છે અને ગુજરાત જ તેમના માટે નિરાશાજનક બનતું જાય છે.

● **વિધાનસભાની ચૂંટણીનો મોટો ભય...**

ગુજરાતમાં ડિસેમ્બર ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે મુખ્યમંત્રી તો બદનામ થાય છે પરંતુ તેની સાથે સાથે તેમના 'વહીવટલેસ' શાસનના પડઘા દિલ્હીમાં પડે છે. એક

તરફ એક પછી એક રાજ્ય કબજે કરવાની અને ભારતને કોંગ્રેસ મુક્ત કરવાની દિશામાં મોદીએ પાછું વાળીને જોયું નથી ત્યારે ગુજરાત એવું છે કે જ્યાં હવે ભાજપના શાસનના પાયા હચમચી રહ્યાં છે. મોદીના નામ પર ચૂંટાયેલા ભાજપના ધારાસભ્યનો ઘરભેગા થવાનો સમય આવ્યો છે. ભાગલા પડાવો અને રાજ કરોની નિતી ભાજપને ભારે પડી શકે છે. હવે તો દિલ્હીના અરવિંદ કેજરીવાલના આંટાફેરા ગુજરાતમાં વધી રહ્યાં છે. દિલ્હીમાં તેમને હેરાન કરવામાં આવે છે ત્યારે તેઓ મોદીના હોમટાઉન ગુજરાતને નિશાન બનાવીને બેઠાં છે. ભાજપના એક નાના કાર્યકરના શબ્દોમાં કહીએ તો- 'અમારી પાર્ટીએ તેના આંતરિક સંઘર્ષમાંથી બહાર આવી પ્રજાને સાચા અર્થમાં સાથે રાખવી હોય તો પ્રજાલક્ષી શાસનની સાથે ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતની દિશા પકડવાની જરૂર છે.'

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લામાં સરપંચો દ્વારા દબાણો દૂર કરવા માટેની કાર્યવાહી નહિ કરાય તો પંચાયત અધિનિયમની જોગવાઈઓ અંતર્ગત સરપંચ સામે પગલાં લેવા માટે સત્તાવાળાઓએ મન બનાવી લીધુ છે.

● ગિફ્ટસીટી સહિત અન્યત્ર બાંધકામ સાઈટો પર બહારથી આવેલા મજૂરોનું સ્ક્રીનીંગ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

● સમદર્શન આશ્રમ સે. ૧ ખાતે શ્રાવણ માસ નિમિત્તે ૩જી ઓગષ્ટથી વિષ્ણુ સહસ્ત્ર નામ પર વ્યાખ્યાનોનું પખવાડિયું ઉજવાશે.

● આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક મળશે.

● ગાંધીનગર જિલ્લામાં આજથી શિક્ષકોની તાલિમનો આરંભ થઈ રહ્યો છે.

● જિલ્લાના ખોરજ-રાજપુર ગામે આદર્શ ગ્રામ યોજના અંતર્ગત આર.ઓ. પ્લાન્ટ પણ તૈયાર કરવામાં આવશે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. જયેશ સોલંકી રજા પર જઈ રહ્યા છે.

● જિલ્લા પંચાયતના મહિલા-બાળ વિકાસ વિભાગના અધિકારી છાયાબેન તાલિમમાં જતાં તેમની જગ્યાનો ચાર્જ આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલને આપવામાં આવ્યો છે.

## આવતીકાલે જિલ્લા કોંગ્રેસ દ્વારા દમન પ્રતિકાર ધરણા

ગાંધીનગર, તા. ૨૪

આઝાદીના ૭૦ વર્ષે ભારતવર્ષમાં દલિતોની વસ્તી વધવાને સાથે સાથે દલિતો ઉપર અત્યાચારો વધી રહ્યા છે. કેન્દ્ર અને રાજયની અમાનુષી ભાજપ સરકારમાં દલિતો ઉપર દમનકારી શાસનનો કોરડો વિંઝાઈ રહ્યો છે. ગુજરાતમાં ભાજપની સરકારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળવાની સાથે સમગ્ર રાજ્યમાં દલિતો ઉપર જુલ્મ થવા લાગ્યો છે. સરકાર આ બાબતે નિષ્ફળ પુરવાર થઈ છે. જેના વિરોધમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬-૭-૨૦૧૬ને મંગળવારે સવારે ૧૧ થી ૫ કલાક સુધી સત્યાગ્રહ છાવણી ખાતે દમન પ્રતિકાર ધરણા યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

## હાર્દિક અને પોલીસ વચ્ચે બોલાચાલી

અમદાવાદ, તા.૨૪

પાટીદાર અનામત આંદોલનના લીડર હાર્દિક પટેલ અને રાજસ્થાન પોલીસ વચ્ચે બોલાચાલી થયા હોવાના અહેવાલ મળ્યા છે. હાર્દિક પટેલ ઉદયપુરમાં દર્શન કરવા માટે નિકળ્યો હતો ત્યારે કોઈ બાબતને લઈને પોલીસ સાથે બોલાચાલી થઈ હતી. હાર્દિક પટેલ હાલમાં જામીનની શરત મુજબ ગુજરાતની બહાર છે અને રાજસ્થાનમાં છ મહિનાની તડીપારની સજા ગાળી રહ્યો છે. હાર્દિક પટેલને આજે પોલીસે રોક્યો હતો જે દરમિયાન હાર્દિક પટેલે ઉગ્ર વલણ અપનાવ્યું હતું. હાર્દિક પટેલ ઉપર ઘણી શરતો હોવાના લીધે તેની તકલીફ વધી શકે છે. રાજસ્થાન પોલીસ અને હાર્દિક વચ્ચે ખેંચતાણ માટેનું કારણ હજુ જાણી શકાયું નથી.


ખારેક

ખેડૂતો દ્વારા કચ્છની દેશી અને બારાહી ઈઝરાયેલી પ્રખ્યાત ખારેકનું વેચાણ ચાલુ છે.

કૃષિભવનની અંદર

મો. ૯૫૧૦૧૧૭૫૮૫